## || ૐ શ્રી સાઈરામ ||

## || ૐ શ્રી સાઈ ભગવાન શ્રી સત્યસાઈબાબાય નમ: || (૧૦૮)

## ભગવાન શ્રી સત્ય સાઈ બાબાને અમારા નમસ્કાર છે.

ભગવાન બાબા કહે છે – "ભગવાનનો અર્થ સૃષ્ટિકર્તા, પોષણ કરનારો અને સંપૂર્ણ વિશ્વને પ્રકાશમાન કરનારો." તેમજ ભગવાન એટલે ઐશ્વર્ય, ધર્મ, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એવો છ ગુણોથી સંપન્ન હોવાવાળો અર્થાત ષડગુણ ઐશ્વર્ય સંપન્ન.

ભારત એ યોગભૂમિ, દિવ્યત્વની ભૂમિ, પુણ્યભૂમિ, કર્મભૂમિ તેમજ ત્યાગ ભૂમિ પણ છે. સાધુ-સંત, દ્રષ્ટા, મુમુક્ષુ, સાધક અને ભક્ત ભગવાનની સમીપતાનો આનંદ મેળવવા માટે સતત પ્રાર્થના કરતા હોય છે. તેમણે અંત: કરણ પૂર્વક કરેલી પ્રાર્થના અને વિનંતીના પ્રતિસાદરૂપે તે કૃપામયી, કરુણા ઘન ભગવાન માનવ સ્વરૂપે પૃથ્વી પર અવતાર લે છે અને આપણામાં રહે છે. તે કેવળ ભક્તોને પરમાનંદની પ્રાપ્તિ થાય એટલા માટે જ.

ભગવાનના અવતાર કેવળ ભારતમાં થવાનું કારણ એટલે ભારત એ

ભા-આંતરિક ભાવના

ર- રાગ – સંગીત

ત-તાલ,

એનું પ્રતીક છે. જ્યાં ભગવાનનો મહિમા ભાવ, રાગ, તાલ માં સતત ગવાય છે.ભારતનું હજી એક નામ છે તે એટલે હિન્દુ દેશ અર્થાત જે દેશ, હિં- હિંસાનો અને દુ - દુરત્વ નો ત્યાગ કરે છે. આ બધા કારણોને લીધે ભગવાને ભારતને પોતાના અવતાર સ્થાન તરીકે પસંદગી આપી.

આપણું મહદ્ભાગ્ય એ છે કે ભગવાન શ્રી સત્ય સાઈ બાબા એ બધાની પ્રાર્થનાના પ્રતિસાદ તરીકે ભારતમાં અવતાર લીધો છે. ભરદ્વાજ ગોત્રમાં, રત્નાકર વંશમાં, રાજુ કુળમાં, જન્મ લીધેલા ભગવાન બાબા આજે સંપૂર્ણ વિશ્વની જનતાનું આશરે સ્થાન બન્યા છે. જન્મ લેતાં પહેલાં જ પોતાના આગમન ની સૂચના તેમણે વિવિધ ચમત્કારો દ્વારા આપી. જન્મ લીધો ત્યારથી અત્યાર સુધી આનંદરૂપ ભગવાને બધાને આનંદ જ પ્રદાન કર્યો છે. પોતે ભગવાન હોવા છતાં નાયકની ભૂમિકા ન સ્વીકારતા સેવકની ભૂમિકા અત્યંત ઉત્તમ રીતે ભજવી. ' મારું જીવન એ જ મારો સંદેશ ' એવું કહેનારા ભગવાન બાબા, અન્ય લોકોને પણ પોતપોતાનો જ માર્ગ અનુસરવો એ જ અપેક્ષા બધા પાસેથી રાખે છે. નાનપણથી આજ સુધી અનેક ભક્તોને ભગવાન બાબાએ તેમના ઈષ્ટ દેવના દર્શન કરાવ્યા છે. કેટલાકને તો

વિશ્વરૂપ દર્શન પણ કરાવ્યું. આજે વિશ્વના અનેક દેશોના અસંખ્ય ભક્તો ભગવાન બાબાની ભક્તિ આખા વિશ્વમાં કરે છે. તેનો જ અર્થ તેમનું દર્શન એ વિશ્વરૂપ થયું છે. પોતાનું કાર્ય કરતી વખતે તેમણે હંમેશાં એ સ્પષ્ટતા આપી છે કે હું કોઈપણ નવો ધર્મ સ્થાપવા માટે આવ્યો નથી. વિવિધ ધર્મના લોકોએ જે પોતાનો સ્વધર્મ છે તેમાં જ રહેવું અને સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ તથા અહિંસાનો માર્ગ સ્વીકારીને ભગવાન સુધી પહોંચવું. જગદોદ્ધારણાર્થે મારો અવતાર થયો છે. અત્યાર સુધી ભગવાનના જે વિવિધ અવતાર થયા, તેમાં તેમના અવતાર સમયમાં તેમના સુધી પહોંચવું સર્વસામાન્ય ભક્તોને શક્ય નહોતું. એટલું જ નહીં, પરંતુ અનેક અવતારોનું કાર્ય અને મહત્ત્વ તેમના અવતાર સમાપ્તિ પછી જ લોકોના ધ્યાનમાં આવ્યું. આપણું મહદ્ભાગ્ય એ છે કે ભગવાન શ્રી સત્ય સાઈ બાબાએ આજ સુધીના એવા એકમાત્ર અવતાર છે કે જેમના સુધી પહોંચવું સહજ શક્ય છે, એટલું જ નહીં, પણ ભગવાન બાબા કહે છે કે-“ કેવળ અંધાનુકરણ ન કરતા, આવો, પરીક્ષા લો, અનુભવ લો અને પછી જ દૃઢ શ્રદ્ધા રાખો ” એવી આ દૃઢ શ્રદ્ધા આપણા બધાના હૃદયમાં નિર્માણ થાઓ અને શ્રી સત્યસાઈ કલ્પદ્રુમ (કલ્પવૃક્ષ) ની છાયામાં વિસામો લેવાનું સદ્ભાગ્ય આપણને બધાને પ્રાપ્ત થાઓ એ જ ભગવાન બાબાના ચરણકમળે પ્રાર્થના.

॥ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ॥